અરાઉન્ડ ધ સિટી

વકીલોને ફોર્મ ભરવાની મુદત એક મહિનો વધી

અમદાવાદ: બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા બનાવાયેલા નવા નિયમ પ્રમાણે તમામ વકીલો માટે વકીલપત્ર, કોઝલિસ્ટ કે ચુકાદાની નકલ સાથે ફોર્મ ભરવા માટે આદેશ કરાયો હતો. જોકે હજુ પણ કેટલાક વકીલો નકલો મેળવી નહીં શકતા આખરે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પ્રમુખ ગોપીનાથ અમીન, અનિલ કેલ્લા, ભરત ભગત, દિપેન દવે સહિત પદાધિકારીઓની યોજાયેલી મિટીંગમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે હવે ફોર્મ રજૂ કરવાની મુદતમાં વધારો કરાયો છે. હવે વકીલો 30મી જુન સુધી તેમના ફોર્મ રજૂ કરી શકશે.

શમા સ્કૂલમાં ઈજાગ્રસ્ત બે બાળકોની સ્થિતિ સુધરી

અમદાવાદ: દાણીલીમડામાં આવેલી શમા સ્કૂલમાં સીડીઓ પરથી નીચે ઉતરતી વખતે થયેલી ધક્કા મુક્કીમાં 10થી વધુ બાળકોને ઈજા થયાની ઘટનામાં હજુ બે બાળકો સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે. જોકે તેમની તબીયત સુધારા પણ હોઇ તેમને આઈસીયુમાંથી બહાર લાવી દેવાયા છે. આ અંગે સ્કૂલના આચાર્ય ચારીફ વોરાએ જણાવ્યું હતું કે, શનિવારે સ્કૂલ રાબેતા મુજબ ચાલુ રહી હતી અને કે.જી.થી લઈને તમામ બાળકો મોટી સંખ્યામાં આવ્યા હતા. હાલમાં બે બાળકોની સારવાર ચાલુ હોઈ તેઓ હજુ હોસ્પિટલમાં જ છે અને હું તેમની ખબર કાઢવા આવ્યો છું. તેમને ટૂંક સમયમાં રજા આપી દેવાશે.

અપહૃત બાળકનો ફોન આવ્યાની ચર્ચાથી તપાસ

અમદાવાદ: ખોખરા વિસ્તારમાં આવેલા મનોહર કોલોની ખાતે રહેતા ગીરીશભાઈ સુથારે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી કે, તેમનો દીકરો કેતન ટ્યૂશને ગયા બાદ ઘરે પરત ફર્યો ન હતો. આ અંગે ખોખરા પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો હતો. દરમિયાન ત્રણેક દિવસ પહેલા ગીરીશભાઈ પર કોઈનો ફોન આવ્યો હતો. ચર્ચા છે કે, ફોન કેતનનો હતો અને તેણે 'પપ્પા...પપ્પા' કહી ફોન કાપી નાંખ્યો હતો. જો કે હજુ સુધી કોઈ ખંડણીનો ફોન આવ્યો ન હોય પોલીસ તમામ દિશામાં તપાસ કરી રહી છે.

ઉજાલા સર્કલ પાસે માર્ચ મહિનામાં બે રાઉન્ડ ગોળીબાર કરી નાસી છૂટ્યો હતો

અમદાવાદના લૂંટારુનો જૌનપુરમાં પોલીસ પર 50 રાઉન્ડ ગોળીબાર

મિહિર ભટ્ટ > અમદાવાદ
mihir.bhatt@timesgroup.com

અમદાવાદના કુખ્યાત લૂંટારુએ ઉત્તર પ્રદેશના જૌનપુર પોલીસ સાથે આખી રાત રીતસરનો 'જંગ' ખેલ્યો હોવાની સનસનાટી ભરી વિગતોનો ખુલાસો થયો છે. આ લૂંટારુને પકડવા ગયેલી પોલીસ પર આરોપી અને તેના સાગરિતોએ બે-ચાર કે દસ-બાર નહીં પરંતુ ધાણીફુટ 50 રાઉન્ડથી વધુ ગોળીબાર કર્યા હતા. અંતે પોલીસે તેને પકડી પાડ્યો હતો. આ ઘટનામાં ત્યાંના એક સિનિયર પોલીસ અધિકારીને બે ગોળી વાગી હતી. માર્ચ મહિનામાં પકડાયેલા આ આરોપીએ લૂંટના ઈરાદે ગોળાબાર કર્યો હોવાનો પણ સાથે ઘટસ્ફોટ થયો છે.

નોંધનીય છે કે, માર્ચ મહિનાની એક રાતે ઉજાલા સર્કલ પાસે એક ટ્રાન્સપોર્ટ કંપનીના મેનેજર અને સિક્યુરિટી સાથે કાર પાર્ક કરવાના મુદ્દે તકરાર કરી બે શખ્સોએ ગોળીબાર કર્યો હતો અને નાસભાગ દરમિયાન આરોપી પોતાની કાર મુકીને ભાગી ગયો હતો. તપાસ દરમિયાન કાર ચોરીની હોવાનું ખૂલ્યું હતું. જેની તપાસ દરમિયાન અમદાવાદ ગ્રામ્ય પોલીસ એકવાર ઉત્તર પ્રદેશના મૈનપુરીમાં પણ દિવસો સુધી રોકાઈને તપાસ કરી હતી. જો કે આરોપી મળ્યો ન હતો. હાલમાં જ તેની ધરપકડ થતાં અમદાવાદ ગ્રામ્ય પોલીસને માહિતી મળી છે કે, જે તે સમયે આરોપી ઉજાલા સર્કલ પાસે લૂંટ કરવા જ આવ્યો હતો.

5મી માર્ચે ઉજાલા સર્કલ પાસે પાર્વતીકુંજ એપાર્ટમેન્ટમાં રહેતા સજ્જન શર્માએ ફરિયાદ નોંધાવી છે કે, તે સુવિધા એસ્ટેટમાં રાજકોટ ગોલ્ડન ટ્રાન્સપોર્ટમાં મેનેજર છે. 4 તારીખની રાતે એક વ્યક્તિએ ગોડાઉનની આડે સેન્ટ્રો કાર પાર્ક કરતા તેને કાર હટાવી લેવા કહેતા તે ઉશ્કેરાઈ ગયો હતો. કારચાલકના સમર્થનમાં આવેલા એક એક્ટિવાચાલકે રિવોલ્વર કાઢીને ગોળીબાર કર્યો હતો. ગોળીબારનો અવાજ સાંભળી લોકો દોડી આવે તે પહેલા જ બન્ને શખ્સો કાર ત્યાંજ મુકીને એક્ટિવા પર રફુચક્કર થઈ ગયા.

આ અંગે અસલાલી પોલીસે ગુનો નોંધ્યો હતો. તપાસમાં કાર ચોરીની હોવાનું ખૂલતા પોલીસને શંકા ગઈ હતી કે, આરોપીઓ રીઢા ગુનેગાર હોઈ શકે છે. આરોપીનું નામ સતેન્દ્ર ઉર્ફે મજબૂત સિંહ હોવાનું અને તે ઉત્તર પ્રદેશના મૈનપુરી જૌનપુરનો હોવાનું ખૂલ્યું હતું. તેને પકડવા જિલ્લા એલસીબી એકવાર મૈનપુરી પણ જઈ આવી હતી. દરમિયાન જૌનપુર પોલીસને થોડા દિવસ પહેલા વાહન ચેકિંગ દરમિયાન જાણવા મળ્યું કે, આરોપીઓ ટોળકી કારમાં આવી રહી છે. પોલીસે કારને અટકાવતા અંદર બેઠેલા આરોપીઓએ પોલીસ પર ગોળીબાર શરૂ કર્યો હતો. અંતે પોલીસે સતેન્દ્ર સહિત તેની ગેંગને પકડી હતી.

વેજલપુર, આનંદનગર, સેટેલાઈટના ગુનામાં પકડાયો હતો

તત્કાલીન ઝોન-7 ડીસીપી નિર્લિપ્ત રાયે આરોપી સતેન્દ્ર અને તેના સાગરિતોને હથિયાર સાથે પકડી પાડ્યો હતો. આ સમયે તેની તપાસમાં સંખ્યાબંધ ઘરફોડ ચોરીના ગુનાના ભેદ ઉકેલાયા હતા. હાલ અમદાવાદ ગ્રામ્ય પોલીસે યુપી પોલીસ પાસેથી સતેન્દ્રને લઈ આવી કાર્યવાહી શરૂ કરી છે. ગ્રામ્ય પોલીસનું કહેવું છે કે, સતેન્દ્રની ધરપકડ થતાં ગોળીબાર ઉપરાંત વાહન ચોરીના ગુનાનો પણ ભેદ ઉકેલાશે.

પત્નીના ખાતામાંથી 4.78 લાખ ઉપાડી લેનારા નિવૃત્ત ડેપ્યુટી કલેક્ટર ઝડપાયા

સેટેલાઇટ પોલીસે નિવૃત્ત ડે. કલેક્ટરની ધરપકડ કરી પૈસા રીકવર કર્યા

નવગુજરાત સમય > અમદાવાદ

અમદાવાદમાં રહેતા નિવૃત્ત ડેપ્યુટી કલેક્ટર કમલેશ ગોરડીયાએ ચાર વર્ષ પહેલા સંતાનો સાથે અલગ રહેતી પત્ની બીનાબેનના એકાઉન્ટમાંથી રૂપિયા 4.78 લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. જે અંગે બીનાબેને સેટેલાઇટ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પીએસઆઈ જે. કે. વાઘેલાએ ગોરડીયાની ધરપકડ કરી તેની પત્નીના ખાતામાંથી ઉપાડેલા રૂપિયા રીકવર કરી વધુ તપાસ આદરી છે. ગોરડીયાએ પોતાની પદવીનો ગેરલાભ ઉઠાવી પત્નીની જાણ બહાર જ બેંકમાં તેના એકાઉન્ટમાં પોતાનું નામ એડ કરી જોઈન્ટ એકાઉન્ટ કરાવ્યું હતું. પોલીસે હવે બેંકના મેનેજરની પણ તપાસ આદરી છે.

સેટેલાઈટ શાશ્વત બંગ્લોઝમાં રહેતા કમલેશભાઈ હરિભાઈ ગોરડીયા(59) ગયા વર્ષે જ બોટાદના ડેપ્યુટી કલેક્ટર પદેથી નિવૃત્ત થયા હતા. સામાન્ય રીતે નિવૃત્ત ડે. કલેક્ટર ઘરે શાંતિથી જીવન ગુજારતા હોય તેના બદલે ગોરડીયા હાલ પોલીસ કસ્ટડીમાં છે અને પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.

ગોરડીયાને અને તેની પત્ની બીનાને વારંવાર તકરાર થતી હોવાથી આઠ-દસ વર્ષ પહેલા જ વસ્ત્રાપુરના કલ્યાણ ટાવરમાં સંતાનો સાથે અલગ રહેવા ચાલી ગઈ હતી. દરમિયાન બીનાબેનનું એકાઉન્ટ સેટેલાઈટ રોડ સ્ટાર બજાર પાસે આવેલી સેન્ટ્રલ બેંકમાં છે. વર્ષ 2012માં કમલેશ ગોરાડીયાએ પત્નીની જાણ બહાર પોતાની પદવીનો દુરુપયોગ કરી બેંક મેનેજરની મદદથી બીનાબેનના એકાઉન્ટમાં પોતાનું નામ ખોટી રીતે ઉમેરાવી દીધું હતું. જોઈન્ટ એકાઉન્ટ થઈ જતાં ગોરડીયાએ તેમાંથી 478 લાખ પોતાના અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. લગભગ 2013માં બીનાબેનને આ બાબતે જાણ થઈ હતી. ત્યારે તેમણે બેંકમાં તપાસ કરી હતી પરંતુ બેંકના અધિકારીએ તેમને સહકાર આપ્યો નહોતો.

કમલેશ ગોરડીયા

જુદી રહેતી પત્નીના બેંક એકાઉન્ટમાં પોતાનું નામ લખાવી પૈસા ટ્રાન્ફર કરી લીધા હતા

આખરે બીનાબેને થોડા સમય પહેલા પોતાના પતિ વિરુદ્ધ જ સેટેલાઈટ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કમલેશ ગોરડીયાની ધરપકડ કરી તેના ત્રણ દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ આદરી હતી. ગયા વર્ષે જ ACB સમક્ષ બોટાદના ડે.કલેક્ટર અને નાયબ ચૂંટણી અધિકારી કમલેશ ગોરડીયા પાસે અપ્રમાણસર મિલકતો હોવાની ફરિયાદ તેની પત્નીએ કરતાં ACBએ ગોરડીયાના શાશ્વત બંગ્લોઝમાં સર્ચ કરી અપ્રમાણસર મિલકતો શોધી કાઢી હતી.

ઉઘરાણી યાત્રા રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી સમયે અપાતા વચનો વાસ્તવમાં કેટલા પૂર્ણ થાય છે તે મુદ્દે નાગરિકોમાં સક્રિયતા લાવવા કેટલાક યુવાનો ભેગા થઇને શનિવારે અમદાવાદથી એક ઉઘરાણી યાત્રા શરૂ કરી હતી. ગાંધી આશ્રમથી શરૂ થયેલી આ યાત્રા બે મહિના રાજ્યમાં વિવિધ સ્થળે ફરશે અને મત લેવા નેતાઓ આવે છે ત્યારે જે વાયદા કરે છે તે સત્તા પર આવ્યા બાદ પાળે છે કે નહીં તે બાબત લોકો નેતાઓને પૂછતા થાય તે માટે પ્રચાર કરશે. યાત્રામાં દ્વારકાથી લઇને ગાંધીનગર સુધીના જિલ્લાઓને આવરી લેવાશે. પાકના ભાવ, બેંક ખાતામાં 15 લાખ, મોંઘવારી, પાકિસ્તાનને સબક શિખવાડવો જેવા અનેક વાયદાઓમાં કેટલા પૂરા થયા તેવા મુદ્દા પણ આવરી લેવાશે. તસવીર : **શૈલેષ સોલંકી**

RTO કૌભાંડ: મુખ્ય આરોપી વિપુલ નેપાળ ફરાર!

200 કરોડના RTO ચેકપોસ્ટ કૌભાંડની તપાસને કોઇ કારણોસર 'બ્રેક' લાગી રહી છે

નવગુજરાત સમય > અમદાવાદ

RTO ચેકપોસ્ટના રૂપિયા 200 કરોડના કૌભાંડની તપાસમાં છેલ્લા કેટલાક સમયથી કોઈ કારણોસર બ્રેક લાગી રહી છે. જોકે આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અને ACB ઉપર પણ આક્ષેપો કરી ચુકેલો વિપુલ પટેલ નેપાળ ભાગી ગયો હોવાની વિગતો ACBને પ્રાપ્ત થઈ છે. આ તપાસનો રેલો છેક ટ્રાન્સપોર્ટ કમિશનર કચેરી સુધી પણ પહોંચતો હોવાનું જણાતાં નિવૃત્ત ટ્રાન્સપોર્ટ કમિશનર પણ દેશ છોડીને વિદેશ ચાલ્યા ગયા હોવાનું ACBના ધ્યાને આવ્યું છે. આ પ્રકરણમાં હજુ પણ તપાસ ચાલી રહી હોવાનું રટણ ACB કરી રહી છે.

ગુજરાતની તમામ RTO ચેકપોસ્ટ ઉપર વર્ષોથી લાંચ કૌભાંડ ધમધમી રહ્યું હતું. જે અંગે ACB સમક્ષ વારંવાર રજૂઆતો થઈ અને ACBએ આ પ્રકરણની ઝીણવટપૂર્વક તપાસ કરતાં ચેકપોસ્ટ ઉપર રોજનું લાખો રૂપિયાનું કૌભાંડ થઈ રહ્યું હોવાની વાત ધ્યાને આવી હતી. ACBએ લાંબા સમય સુધી આ કૌભાંડીઓની વાતોની 2200 ઓડિયો

પૂર્વ ટ્રાન્સપોર્ટ કમિશનર પણ વિદેશ ચાલ્યા ગયાની વિગતો ACBને મળી

ટેપ એકત્રિત કરીને એક સાગમટે ACB તેમના ઉપર ત્રાટકી હતી. ACBએ રેડ કરી કૌભાંડમાં જયેશ પટેલ સહિત આઠ જણની ધરપકડ કરી હતી. ત્યારબાદ આ કૌભાંડનો કોન્ટ્રાક્ટ જેના તાબા હેઠળ ચાલતો હતો તે GIPLના પૂર્વ CEO વી. કે. શર્મા અને સીએ અશોક છાજેડની ધરપકડ કરી હતી.

જોકે હજુ આ પ્રકરણમાં ભાગેડું વિપુલ પટેલની ધરપકડ કરવામાં ACBને સફળતા મળી નથી. કોઈ ઉચ્ચ સરકારી કર્મચારીઓની સંડોવણી વગર આવડું મોટું કૌભાંડ ન ચાલી શકે તે વાત સ્પષ્ટ હોવાથી સમગ્ર કૌભાંડના મૂળ ટ્રાન્સપોર્ટ કમિશનર કચેરી સુધી પહોંચતા હોવાનું ધ્યાને આવ્યું હતું. હાલ તો તત્કાલીન ટ્રાન્સપોર્ટ કમિશનર પણ વિદેશ ભાગી ગયા હોવાનું ACBના ધ્યાને આવ્યું છે.

RTO કૌભાંડના મુખ્ય સૂત્રધારો પૈકીના જયેશ પટેલ અને વિપુલ પટેલથી સરકારી કર્મચારીઓ ત્રાહિમામ પોકારી ગયા હતા. કેમ કે તેઓ કોઈ પણ અધિકારીઓ સામે RTI કરી તેને પરેશાન કરી મુકતા હતા. ભાગેડુ વિપુલે તો ખુદ ACBના અધિકારીઓ વિરુદ્ધ પણ અસંખ્ય આક્ષેપો કર્યા છે. હવે 'ગળે ગાળીયો' ફીટ થઈ રહ્યો છે તેમ જણાતાં તે ભાગી ગયો છે.

CA અશોક છાજેડનો પરિવાર ભુગર્ભમાં ઉતરી ગયો

ACBએ GIPLના પૂર્વ CEO અને વી.કે. શર્મા અને ભૂતપૂર્વ ઇન્ટરનેશનલ CA અશોક છાજેડની ધરપકડ કરી હતી. આ પ્રકરણમાં છાજેડના પરિવાર સાથેના વ્યવહાર સામે આવ્યા હોવાથી તેમની તપાસ થાય તેવી સંભાવના છે, જેથી છાજેડનો પરિવાર ભુગર્ભમાં ઉતરી ગયો છે.

કેવી રીતે ચાલતું હતું કૌભાંડ?

રાજ્યની તમામ ચેક પોસ્ટ ઉપર ખાનગી કોન્ટ્રાક્ટ હેઠળ વિપુલ અને જયેશે પોતાના માણસો ગોઠવી દીધા હતા. જેઓ સરકારી કર્મચારીઓ સાથે ચેક પોસ્ટ પરથી પસાર થતી ઓવરલોડેડ ટ્રકોના ચાલકો પાસેથી કાયદેસરના દંડમાં રાહત કરી રોકડી કરી લેતા હતા.

લોકલ ક્રાઈમ બ્રાન્ચે વિસનગરની મહિલાની ધરપકડ કરી

આંગડિયા લૂંટની સૂત્રધાર મહિલા! બે મહિના પહેલાં રેકી કર્યાનું ખૂલ્યું

નવગુજરાત સમય > અમદાવાદ

રાજ્યભરમાં ચકચાર જગાવનારી બાવળા નજીક થયેલી આંગડિયા પેઢીની ટ્રકની લૂંટના કેસમાં પોલીસે એક મહિલાની ધરપકડ કરી છે. આ મહિલા કરોડોની આંગડિયા લૂંટ કેસની સૂત્રધાર હોવાના ઘટસ્ફોટ કરતા પોલીસે દાવો કર્યો છે કે, દેવું થઈ જતા મહિલાએ આંગડિયા પેઢીની ટ્રક લૂંટી શકાય તેવો પ્લાન ઘડ્યો હતો અને ટ્રકના નંબર અને રૂટ સહિતની વિગતો લૂંટારૂઓને આપી હતી. મૂળ મહેસાણાના વિસનગરની આ મહિલા જમીન દલાલીનું કામ પણ કરે છે. જો કે લૂંટ સમયે તે સાથે નહીં હોવાનું પણ પોલીસે ઉમેર્યું હતું.

ગત તા.3 જૂનની રાત્રે બાવળા-બગોદરા હાઈવે પર ઈશ્વર બેચર સહિત 10 આંગડિયા પેઢીના 27 પાર્સલ લૂંટાયા હતા. આ પાર્સલમાં અંદાજે સાડા છ કરોડની કિંમતનો મુદ્દામાલ હોવાની વિગતો પોલીસ તપાસમાં ખુલી હતી.

મહિલાએ દેવું થઈ જતા રેકી કરી લૂંટ કરવાનો આઈડિયા આપ્યો હતો

અમદાવાદ જિલ્લા પોલીસ વડા નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ પોલીસે સૂત્રધાર તરીકે પોલીસે SRPના કોન્સ્ટેબલ સહિત અત્યાર સુધીમાં 14 આરોપીઓની ધરપકડ કરી હતી.

દરમિયાન જિલ્લા એલ.સી.બીના પીઆઈ એસ.એન. ચૌધરી અને ટીમે આ કેસની વધુ તપાસ દરમિયાન મહેસાણાના વિસનગરની 48 વર્ષિય રમીલા પ્રજાપતિની પણ ધરપકડ કરી છે. પોલીસનો દાવો છે કે, રમીલા જમીન દલાલ છે અને દેવું થઈ જતા તેને રૂપિયાની તાત્કાલીક જરૂર હતી.

રમીલાને જાણવા મળ્યું કે, માણેકચોક ખાતે આંગડિયા પેઢીની અનેક ઓફિસો આવેલી છે અને ત્યાંથી કરોડો રૂપિયાની હેરાફેરી થતી હોય છે. આ દરમિયાન તેને ઈશ્વર બેચર આંગડિયા પેઢીમાંથી અલગ અલગ આંગડિયાના કિંમતી માલસામાન ભરેલા પાર્સલો પણ ટ્રકમાં લઈ જવાતા હોવાની માહિતી મળી હતી. રમીલાએ પહેલા ટ્રકની રેકી કરી, તેના નંબર અને રૂટ સહિતની વિગતો એકઠી કરીને તેણે સુરા ભરવાડ નામના શખ્સને આપી હતી. સુરા ભરવાડે આ વાત તેના ભાઈ અને ગેંગના અન્ય લોકોને કરી લૂંટનો પ્લાન ઘડ્યો હતો. પોલીસે રમીલાની ધરપકડ કરી યોગ્ય પૂછપરછ બાદ તેને જેલ હવાલે કરી છે.

પાનના ગલ્લા પર તોડફોડ કરનારા સાતની ધરપકડ

નવગુજરાત સમય > અમદાવાદ

પાલડીમાં છેલ્લા ઘણા સમયથી માથાભારે તત્વોનો આતંક સતત વધી રહ્યો છે. નવું પોલીસ સ્ટેશન બન્યા બાદ ગુનેગારો પોલીસથી ડરવાને બદલે બેફામ બની રહ્યા છે. ત્યારે જ પાલડી ભઠ્ઠા હિરલ શોપિંગ સેન્ટરમાં આવેલા પાનના ગલ્લા પર મધરાત્રે ત્રાટકેલા માથાભારે તત્વોએ તોડફોડ કરી હતી. જે સીસીટીવી કેમેરામાં કેદ થઇ જતાં પોલીસે તેમને ઝડપી લીધા છે. સાથે સાથે તેમણે શા માટે તોડફોડ કરી તેની તપાસ આદરી છે.

હિરલ શોપિંગ સેન્ટરના ભોંયરામાં ઉષાબેન ઠાકોર પાનનો ગલ્લો અને ચાની કીટલી ચલાવે છે. દરમિયાન ગુરુવારે રાત્રે ત્યાં આવેલા સ્થાનિક માથાભારે તત્વોએ પાણી પાઉચ પીધા બાદ પૈસા આપવાને બદલે તેઓ ઉષાબેનને લાફો મારીને ભાગી ગયા હતા અને રાત્રે તેમના ગલ્લા પર તોડફોડ કરી હતી. તેમના આ કરતૂત સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતાં પોલીસે આ સાત યુવકોને ઝડપી લીધા છે.

પકડાયેલા માથાભારે શખ્સો

- **અક્ષય ગણપતભાઇ ઠાકોર** (ઉ.વ. 20. -રહે. ફતેપુર. રામજી મંદિરનો વાસ, પાલડી)
- **ધમો ઉર્ફે અંડો ઉર્ફે ધર્મેન્દ્ર ફાલ્ગુનભાઇ નાયક** (ઉ.વ. 32. રહે મક્તમપુરા ગામ, વાસણા)
- **મલો ઉર્ફે મહેશ બળદેવભાઇ ઠાકોર** (ઉ.વ. 26, ચામુંડા ચોક,વાસણા)
- **સિકો ઉર્ફે યોગેશ ચન્દ્રીકાપ્રસાદ દવે** (ઉ.વ. 31, વાસણા)
- **સાગર જશવંતભાઇ ધોબી** (ઉ.વ. 33, રહે. કૃષ્ણધામ રો હાઉસ, વાસણા બેરેજ)
- **વિજય દશરથભાઇ** (ઉ.વ. 30 , રહે. એસ.ટી.સ્ટાફ ક્વાર્ટર્સ, બહેરામપુરા)
- **પુરવ હસમુખભાઇ ચૌહાણ** (ઉ.વ. 25, રહે. વૃંદાવન ફ્લેટ, વાસણા)

બોગસ ફાઈનાન્સ કંપનીઓથી દૂર રહેવા પ્રજાને અપીલ

નવગુજરાત સમય > અમદાવાદ

છેલ્લા ઘણા સમયથી જુદા જુદા માધ્યમો દ્વારા કેટલીક ઠગ કંપનીઓએ રિઝર્વ બેંકની મંજૂરી વગર જ શરૂ કરી દીધેલી ફાઈનાન્સ અને બેંકિંગ કંપનીઓની જાહેરાત કરવામાં આવી રહી છે. રિઝર્વ બેંક દ્વારા નોન બેંકિંગ ફાઈનાન્સ કંપની તરીકે મંજૂરી મળી ન હોવા છતાં તેઓ જુદી જુદી સ્કીમો દ્વારા લોકો પાસેથી પૈસા ઉઘરાવી સંચાલકો ભાગી જતા હોય છે અને લોકોના રૂપિયા ડૂબે છે. સીઆઇડી ક્રાઇમ દ્વારા લોકોને આવી કંપનીની લોભામણી જાહેરાતોથી દૂર રહેવા હાકલ કરવામાં આવી છે.

ઘોડાસરના વેપારી સાથે 82 લાખની ઠગાઈ

અમદાવાદ: ઘોડાસરના ગોકુળધામમાં રહેતા ભરતભાઈ ઠક્કરે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપમાં ફરિયાદ નોંધાવી હતી કે, વર્ષ 2012થી 2013 દરમિયાન પ્રફુલ્લભાઈ રાવલ (રહે. ઈમા મુખીની ચાલી, નિગમરોડ)એ તેમને ધંધામાં રોકાણ કરવાના નામે પૈસાનું રોકાણ કરાવી તેમની જાણ બહાર નેટ બેંકિંગથી 82 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. પીઆઈ બી.ડી. જાડેજાએ આ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

SOM-LALIT INSTITUTE OF MANAGEMENT STUDIES
SLIMS
ADMISSION NOTICE-2016
Somlalit PGDM Full Time 2016-18(Batch- 20)
Approved by AICTE
Applications invited for Group Discussion and Personal Interview
GDPI are sheduled on Dt:25/06/2016 Time: 11 am
Eligibility Criteria
• A bachelor's degree in any discipline from recognized university with minimum of 50% marks in aggregate.
• Students appearing for the final degree of their Examination are also eligible to apply.
• Valid Score in MAT/CMAT/CAT/XAT/ATMA.
To Download Application form visit our website
www.mba.somlalitcollege.org
SLIMS Campus, St.Xaviers Corner, Navrangpura,Ahmedabad.
Ph: 079-26303301/02/03 Fax; 26302244 / 26303366
Email; info@somlalit.org Web;www.somlalitcollege.org

ભરૂચ ડબલ મર્ડરમાં સમયસર ચાર્જશીટ ન થતા આરોપી છૂટ્યો

» NIAએ બન્નેને તાજના સાક્ષી બનાવ્યા હોવાની શક્યતા

નવગુજરાત સમય > અમદાવાદ

ભરૂચ ડબલ મર્ડર કેસમાં NIAની ટીમે સમયસર ચાર્જશીટ રજૂ ન કરતા વધુ એક આરોપી નાસીરખાન જામીન પર છૂટી ગયો છે. શનિવારે સ્પે. કોર્ટના જજ પી.બી.દેસાઇએ આરોપીને ચોક્કસ શરતોને આધારે જામીન પર મુક્ત કર્યો છે. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં અગાઉ અબ્દુલ સમદ પણ આ જ રીતે જામીન પર છૂટી ગયો હતો. ત્યારે બન્ને આરોપી તાજના સાક્ષી બનાવ્યા હોવાથી તેમની સામે ચાર્જશીટ ન કરી હોવાની શક્યતા છે.

ભરૂચમાં બીજી નવેમ્બરે ભાજપના નેતા શીરીષ બંગાળી અને પ્રજ્ઞેશ મિસ્ત્રીની પોઈન્ટ બ્લેક રેન્જથી હત્યા પ્રકરણમાં NIAએ 12 આરોપીની ધરપકડ કરી હતી. જો કે, ચાર્જશીટ 10 સામે જ કરી હતી. નાસીરખાન સામે 180 દિવસ થયા છતાં ચાર્જશીટ રજૂ ન થયું હતું. જેથી તેના તરફે એડવોકેટ ઈલીયાસખાન પઠાણે ડિફોલ્ટ જામીન માટે અરજી કરી છે. કોર્ટે આરોપીને જામીન પર મુક્ત કરતા એવી શરતો મુકી છે કે, પાસપોર્ટ જમા કરાવવો, દર મહિનાના પહેલાં અને ત્રીજા શનિવારે તપાસ અધિકારી સમક્ષ હાજરી પુરાવી, પુરાવા સાથે ચેડા ન કરવા તથા કાયમી રહેઠાણનો પુરાવો રજૂ કરવો.

ગુપ્ત સાક્ષીના નિવેદનની કોપી માંગવામાં આવી

આ કેસમાં ચાર્જશીટ રજૂ કર્યા બાદ તમામ આરોપીઓને તેની કોપી આપી દેવાઈ છે. જો કે, 31 ગુપ્ત સાક્ષીના નિવેદનની કોપી ચાર્જશીટની સાથે અપાઈ નથી જેથી આરોપીઓ તરફે તે નિવેદનની કોપી મેળવવા સ્પે. કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. કોર્ટે આ મામલે વધુ સુનાવણી 1 જુલાઇ પર મુલતવી રાખી છે.

દાદાગીરી | પૈસા પડાવતા નકલી પોલીસ અને પ્રેસવાળા ઝડપાયા

'ગર્લફ્રેન્ડ સાથેના તારા ફોટા અમારી પાસે છે, રૂપિયા 4000 આપવા પડશે'

નવગુજરાત સમય > અમદાવાદ

અમદાવાદમાં બનાવટી પોલીસ અને પ્રેસવાળાઓનો જાણે કે રાફડો ફાટી નીકળ્યો હોય તેવો ઘાટ થયો છે. સાબરમતીમાં રહેતા યુવકને ઉસ્માનપુરા રિવરફ્રન્ટ પાસે રોકી 'તારા ગર્લફ્રેન્ડ સાથેના ફોટા અમારી પાસે છે. તે પેપરમાં છાપીને તને બદનામ કરી દઈશું' કહી પોતાની ઓળખ પોલીસ તથા પ્રેસવાળા તરીકે આપી પૈસા પડાવવાનો પ્રયાસ કરનાર ત્રણ બોગસ પોલીસ-પ્રેસવાળાને વાડજ પોલીસે ઝડપી લીધા હતા. તેમના મુખ્ય સૂત્રધારની પોલીસે તલાશ આદરી છે.

સાબરમતીમાં રહેતો દીપક શાહ ત્રણેક દિવસ પહેલા તેની મિત્ર સાથે ઉસ્માનપુરા રિવરફ્રન્ટ નજીક દર્પણ એકેડેમી પાસેથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે જ ત્યાં ચાર યુવકો આવ્યા હતા.

તેમણે પોતાની ઓળખ પોલીસ તથા પ્રેસના કર્મચારી તરીકે આપી હતી. તેમણે દિપકને કહ્યું હતું કે 'તારા ગર્લફ્રેન્ડ સાથેના ફોટા અમારી પાસે છે. તે છાપામાં છાપીને તને બદનામ કરી દઇશું. દિપકે ફોટા જોવા માંગતાં તે યુવકોએ રૂપિયા 4000 માંગ્યા હતા.

દિપકે પોતાની પાસે 4000 રૂપિયા ન હોવાનું જણાવતાં તેમણે રૂપિયા આપીને આ ફોટા ડીલીટ કરાવી જશે તેમ કહી દિપક અને તેની મિત્રને જવા દીધા હતા. બીજા દિવસથી આ લોકોએ દિપક પાસેથી પૈસાની ઉઘરાણી શરૂ કરી દીધી હતી. જે અંગે તેણે વાડજ પોલીસનો સંપર્ક કર્યો હતો.

બનાવટી પોલીસ પરેશાન કરતી હોવાની દિપકની રજૂઆતને પગલે આ બોગસ પોલીસ-પ્રેસવાળાઓને પૈસા લેવા અખબારનગર બોલાવવા જણાવ્યું હતું. ઉઘરાણીનો ફોન આવતાં દિપકે તેમને અખબારનગર સર્કલ પાસે બોલાવ્યા હતા. પૈસા લેવા માટે જેવા બોગસ પોલીસ-પ્રેસવાળા આવ્યા કે તે ત્રણ સભ્યોને વાડજ પોલીસે ઝડપી લીધા હતા. જેમની પૂછપરછમાં સંદીપ પંચાલ અને પાર્થિવ પટેલ સ્થાનિક વિસ્તારના ન્યુઝ પેપરમાં કામ કરતા હોવાનું જણાવ્યું હતું. તેમની પાસેથી આઇકાર્ડ પણ મળ્યા હતા. જે પોલીસે કબજે લીધા છે. જ્યારે બનાવટી પોલીસવાળો સગીર હોવાથી પોલીસ તેની અટક કરી પૂછપરછ આદરી છે. જો કે તપાસમાં આ સમગ્ર ષડયંત્રનો મુખ્ય સૂત્રધાર કિશન હોવાનું બહાર આવતાં પોલીસે તેની તલાશ આદરી છે.

adani
Adani Institute of Infrastructure Engineering (AIIE)
(AICTE Approved and GTU Affiliated)

The AIIE Advantage
• Ranked 1st in GTU academic performance
• Backed by India's largest integrated infrastructure conglomerate
• Extensive infrastructure industry interface and internships
• Ph.D. faculty members and industry focused curriculum
• Visiting faculties from top engineering institutes and infrastructure sector
• Ultra modern campus at the growth hub of India
Admission to Management / NRI / NRI – Sponsored Quota
Applications are invited for admission into 1st Semester of B. E. under 25% Management Quota (including 15% NRI / NRI - Sponsored Quota) as per the prevailing rules and regulations of ACPC, Govt. of Gujarat and AIIE for following branches:

Branch	ACPC Quota	NRI Quota	Mgmt. Quota
B.E. (Civil and Infrastructure)	45 seats	09 seats	06 seats
B.E. (Electrical)	45 seats	09 seats	06 seats

The application form can be downloaded from institute's website and should be submitted along with all relevant documents and form fee of ₹350/- at the institute's admission office.

Availability of Form	27/06/2016
Last Date of Submission	14/07/2016
Display of Merit List	16/07/2016
Personal Counseling	21/07/2016

Shantigram Township, Off S G Highway,
Nr. Vaishnodevi Circle, Ahmedabad 382421
Tel No. : 079-25556870, 25556153
Mobile No. : +91 9099055650
Website : www.aiie.ac.in
Adani Institute of Infrastructure
Management - Engineering
creating the nation builders